# શહેરમાં રવિવારે રાત્રે તોફાની વરસાદ

**નાટ્યાત્મક પલ્ટા બાદ આંધી સાથે અડધો ઇંચ વરસાદ વરસ્યો : શહેરમાં ઠેર ઠેર વૃક્ષો ધરાશાયી અને સાઇન બોર્ડસ નમી પડયા : જનજીવન પ્રભાવિત**





ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરમાં વરસાદનો મિજાજ ચોમાસાની શરૂઆતથી જ તોફાની જોવા મળે છે. વરસાદની દરેક ઈનિંગ્સ તોફાની રહી હોવાથી ચોમાસુ ભયાવહ પુરવાર થયુ છે. ગઈકાલે પણ રાત્રિના સમયે અચાનક જ નાટયાત્મક પલ્ટા બાદ વરસાદી માહોલ જામ્યો હતો. આકાશમાં ઘેરાયેલા વરસાદી વાદળો વચ્ચે સુસવાટા મારતો પવન ફુંકાયો હતો. પવનની આંધી વચ્ચે ગગનભેદી વિજકડાકાથી નગરજનો બેઘડી હેબતાઈ ગયા હતા. અડધો કલાકમાં ૧૫ મી મી વરસાદ વરસ્યો હતો જયારે અનેક ઠેકાણે વૃક્ષો પણ ધરાશાયી થઈ ગયા હતા. શહેરના ગ માર્ગ સહીતના વિસ્તારમાં સાઈન બોર્ડસ પણ જમીનદોસ્ત થયા હતા. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૯૩૬ મી મી વરસાદ નોંધાયો છે.

શહેરમાં રોજ સાંજે વરસાદી નઝારો નિખરે છે. સાંજ ઢળતા જ આકાશમાં વરસાદી વાદળો ઘેરાઈ આવે છે. દિવસના આકરા તાપ બાદ સાંજના સમયે અચાનક જ નાટયાત્મક પલ્ટા બાદ આકાશમાં ઘનઘોર વાદળો ઘેરાઈ આવતા હળવા ભારે ઝાપટા વરસાવી જતા મેઘરાજાના લીધે સેકટરોમાં સતત ભીંજારોનો માહોલ જોવા મળી રહ્યો છે. ગઈકાલે પણ સાંજના સમયે જેમ આ વખતે પણ મેઘરાજા તોફાની અંદાજમાં જોવા મળ્યા ઘેરાઈ આવ્યા હતા. બદલાતા આકાશી નઝારા વચ્ચે સુસવાટા અચાનક જ વરસાદી વાદળો ગોરંભાયા હતા જયારે દરવખતની હતા. ગઈકાલે રાત્રિના સમયે અચાનક જ આકાશમાં વાદળો મારતા પવનમાં આકાશમાંથી

● અનુસંધાન પાન-૭ પર

## સંત સરોવરના ચાર દરવાજા ખોલાયા

શહેરમાં સાબરમત્તી નદી પર નિર્માણ કરાયેલા સંત સરોવર ડેમના ૨૧ દરવાજા સાથે ૫૫.૫૦ મીટરની ઉંચાઈ ધરાવે છે. પાણીનો સંગ્રહ કરી કૃત્રિમ સરોવર બનાવવાનો હેતુ છે. જેના લીધે આસપાસના વિસ્તારમાં ભુર્ગભ જળ ઉંચા આવે તે માટે પણ આ યોજના અમલી બનાવાઈ છે. ચાલુ વર્ષ દરમિયાન ગાંધીનગર જિલ્લામાં પણ સો ટકા વરસાદ થઈ ગયો છે. રાજયમાં સારા વરસાદના લીધે ધરોઈમાં પાણી વધતા સાબરમત્તી નદીમાં પણ પાણી છોડવામાં આવ્યુ હતુ જે લાકરોડા થઈને સાબરમતી સુધી પહોંચ્યુ હતુ. સતત પાણી છોડવાના લીધે સંત સરોવરમાં પાણીની આવક વધી છે. જેના લીધે ડેમ ઓવરફ્લો થતા પાણી છોડવા માટે છ દરવાજા ખોલવા પડયા હતા. સાબરમતી નદીમાં પણ નવા નીર આવ્યા હતા. ત્યારે હવે પાણીની આવક ઘટી છે ત્યારે બે દરવાજા બંધ કરી દેવાયા છે. અને હાલની સ્થિતિમાં ચાર દરવાજા ખુલ્લા છે.

## ગાંધીનગર સિવિલના ફિઝીશીયન ફરીવાર કોરોનાથી સંક્રમિત થયા

**તબીબોની ઘટ વચ્ચે કોરોનાના ૧૮૫ દર્દીઓ સિવિલ હોસ્પિટલની બિછાને : સિવિલમાં ૭૦ નો નર્સિંગ સ્ટાફ , વર્ગ-૪ ના ૯૦ કર્મચારીઓ કોવિડ વોર્ડમાં ફરજ નિભાવી રહ્યા છે : ૨૫ તબીબો કોરોના દર્દીઓની સારવાર કરી રહ્યા છે**

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગર જિલ્લામાં પણ કોરોનાના રોજબરોજ નવા કેસ સામે આવી રહ્યા છે. કોરોનાનુ સંક્રમણ વધતા નગરની સિવિલ હોસ્પિટલના બિછાને પણ સારવાર લેતા દર્દીઓની સંખ્યા વધુ છે. અલબત્ત હાલ સિવિલમાં ૧૮૫ કોવિડ પોઝીટીવ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. આ ઉપરાંત ૨૭ શંકાસ્પદ દર્દીઓ પણ છે. જો કે કોરોનાના દર્દીઓ સામે તબીબોની ઘટ હોવાનુ પણ ચિત્ર સ્પષ્ટ થયુ છે. કોરોના વોરિયર્સ તરીકે કામ રાત દિવસ કામ કરતા સિવિલના તબીબો પણ કોરોનાના સંક્રમણમાં સપડાયા હતા. જયારે સિવિલના એક ફિઝીશીયન ફરીવાર કોરોનાથી સંક્રમિત થયા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

સમગ્ર દેશ દુનિયામાં કોરોનાની મહામારીએ હાહાકાર મચાવ્યો છે. કોરોનાનુ સંક્રમણ દિનપ્રતિદિન વધી રહ્યુ છે. જેના લીધે જનજીવન ભયભીત છે. છેલ્લા ૯ મહીનાથી દેશવાસીઓ કોરોનાના કહેરથી પ્રભાવિત છે. આવા સંજોગોમાં કોરોનાનુ સંક્રમણ વધુ ફેલાતુ અટકાવવા માટે વધુ ટેસ્ટીંગ પણ શરૂ કરી દેવાયુ છે. સરકારની ગાઈડલાઈન મુજબ વેપાર ધંધા પણ ધમધમતા થઈ ગયા છે. ત્યારે કોરોના સંક્રમણથી બચવા માટે નાગરિકો માસ્ક અને સોસિયલ ડીસ્ટન્સીંગ સહીતના નિયમોનુ પાલન કરી રહ્યા છે. ગાંધીનગર જિલ્લામાં પણ રોજબરોજ સરેરાશ કોરોનાના ૧૫ થી ૨૦ કેસ સામે આવી રહ્યા છે. જયારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ હાલ ૧૮૫ દર્દીઓ કોરોનાની સારવાર લઈ રહ્યા છે. જયારે ૨૭ દર્દીઓ શંકાસ્પદ છે. અલબત્ત આ દર્દીઓ પણ સારવાર હેઠળ છે. નગરની સિવિલ હોસ્પિટલમાં ગત માર્ચ મહીનાથી કોરોના વોર્ડ શરૂ કરી દેવાયો હતો જયારે હાલ કોરોનાના દર્દીઓની સારવાર માટે ૨૫ તબીબોની ટીમ છે. જેમાં ૧૦ ઈન્ટનશીપ કરતા ડોકટરો , સિનિયર અને જુનિયર રેસીડન્સ ડોકટર્સ કન્સલટન્ટ તબીબ, મેડીકલ ઓફીસર પણ સામેલ છે. આ ઉપરાંત ૩૫ એસોસિએટસ પ્રોફેસર કોવિડ વોર્ડમાં પણ સમય મુજબ ફરજ બજાવી રહ્યા છે. જયારે તબીબો ઉપરાંત ૭૦ નર્સિંગ સ્ટાફ , ૯૦ વર્ગ-૪ ના કર્મચારીઓ દરરોજ તેમની ફરજ નિભાવી રહ્યા છે. ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં કોરોના સિવાય અન્ય ૨૫૦ દર્દીઓ પણ વિવિધ રોગ તેમજ તકલીફો સંદર્ભે સારવાર લઈ રહ્યા છે. જેમાં ઓર્થોપેડિક , ગાયનેક વિભાગ તેમજ અન્ય સર્જરીનો પણ સમાવેશ થાય છે. સિવિલમાં વોર્ડ નં ૫ થી ૮ માળ કોરોના વોર્ડ તરીકે ઉપયોગમાં લેવાય છે. જો કે હાલ બે ફીઝીશિયન ડેપ્યુટેશન પર છે ત્યારે કોરોનાના દર્દીઓની સામે તબીબની ઘટ હોવાનુ પણ સ્પષ્ટ થઈ રહ્યુ છે.

## ભાજપના પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલનો બીજો કોરોના ટેસ્ટ પોઝીટીવ

ગાંધીનગર,તા.૧૪

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ કોરોના સંક્રમિત થયા છે, ત્યારે આજે પાટીલનો બીજો કોરોના રિપોર્ટ કરાવવામાં આવ્યો હતો, જેમનો તેમનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. હાલ ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલની કોરોનાની સારવાર એપોલો હોસ્પિટલમાં ચાલી રહી છે. પાટીલનો આજે આરટીપીસીઆર કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો હતો. જેઓ તેમાં ફરીથી પોઝિટીવ આવ્યા છે. પરંતુ ડોક્ટરોએ જણાવ્યું છે કે સીઆર પાટીલનો બીજો કોરોના રિપોર્ટ ભલે પોઝિટીવ આવ્યો હોય, પરંતુ તેમના શરીરમાં વાયરલનો લોડ ઘટી રહ્યો છે. બીજી બાજુ કોરોનાથી રાજ્યના લોકો ગભરાઈ રહ્યા છે, ત્યારે રાજ્યના સીએમ વિજય રૂપાણીએ લોકોને પ્રોત્સાહિત કરવા માટે કોરોના ટેસ્ટ કરાવવાની અપીલ કરી છે. આજે સીએમ વિજય રૂપાણીનો કોરોના રિપોર્ટ નેગેટિવ આવ્યો છે.

## આજે ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્ય સભા

### કલેક્ટર કચેરીના સમિતિ ખંડમાં મળશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર તાલુકા પંચાયતની મુલત્વી રહેલ બેઠક આજે પુનઃ બપોરે ૧૨ વાગે અધ્યાશી અધિકારી એ.ડી. જોશીના અધ્યક્ષપદે કલેક્ટર કચેરીના સમિતિ ખંડમાં મળશે.

સોશિયલ ડિસ્ટન્સીંગ ન જળવાતુ હોવાની તેમજ આક્રમક રજુઆત કરતાં સભ્યો દ્વારા સભા સંચાલનમાં વારંવાર અવરોધ સર્જતા હોવાથી ૯મીએ મળેલી બેઠક ૪૫ મિનિટના પ્રયાસોને અંતે અધ્યાશી અધિકારીએ મોકૂફ રાખવાની જાહેરાત કરી હતી.

ગાંધીનગર જિલ્લાના રાજકારણમાં નવા હોદ્દેદારોની ચૂંટણી મુલત્વી રાખવાની ઘટના પ્રથમવાર બનતાં રાજકીય વર્તુળોમાં આને લઈ ભારે ચર્ચાઓ જાગી હતી. દરમ્યાન આયારામ-ગયારામની અફવાઓ વચ્ચે કોંગ્રેસ પક્ષ તેના સભ્યોને આ વખતે પણ સલામત સ્થળે ખસેડી અને કેમ્પ કર્યો હતો. આ સભ્યો આજે સાંજે ગાંધીનગર નજીક આવી પહોંચ્યા હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

બીજી તરફ આ ચૂંટણી મોકૂફ રહે અને જે ૬ સભ્યોનું સભ્યપદ રદ કરવાનો સરકારનો નિર્ણય છે તેને પડકારવાની વ્યુહરચના પણ કેટલાક રાજકીય આગેવાનો દ્વારા વિચારણામાં લઈ કાનૂન વિદોનો સંપર્ક કરવામાં આવ્યાની વાતો પણ રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહી છે.

ગાંધીનગર તાલુકાના ૧૮ ગામો અને ૧ નગરપાલિકા વિસ્તારને ગાંધીનગર શહેરમાં ભેળવવામાં આવતાં તાલુકા પંચાયતના નવ સભ્યોના સભ્યપદ છીનવાઈ ગયા છે. જેમાં ભાજપના ૬ સભ્યોને ઘરે બેસવાનો વારો આવ્યો છે તો કોંગ્રેસના ૩ સભ્યોને પણ ઘરે બેસવાનો વારો આવ્યો છે.

જિલ્લાની સૌથી મોટી સભ્ય સંખ્યા ધરાવતી ગાંધીનગર તાલુકા પંચાયતમાં ભાજપે પાછલા બારણેથી સત્તા આંચકી લીધી હતી. હવે હાલ બન્ને પક્ષે ૧૮-૧૮ સભ્યો છે. પરંતુ નવ સભ્યોના સભ્યપદ જતાં ભાજપ લઘુમતિમાં મુકાઈ ગયેલ છે.

## મુખ્યમંત્રી વિજય રૂપાણીનો કોરોના ટેસ્ટનો રિપોર્ટ નેગેટીવ

ગાંધીનગર,તા.૧૪

રાજ્યમાં કોરોનાના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે, ત્યારે આજે સીએમ વિજય રુપાણીએ પણ પોતાનો ટેસ્ટ કરાવ્યો હતો જેનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. રુપાણીએ પોતે ટેસ્ટ કરાવીને રાજ્યની પ્રજાને પણ ટેસ્ટ કરાવવા માટે અપીલ કરી હતી. પોતાનો વિડીયો પોસ્ટ કરી સીએમે કહ્યું હતું કે ટેસ્ટથી જરાય ગભરાવવાની જરુર નથી.

સીએમે પોતાના વિડીયો મેસેજમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં રોજના ૭૦ હજારથી વધુ ટેસ્ટ કરવામાં આવે છે, જેમાંથી રોજના માંડ ૧૩૦૦ લોકો પોઝિટિવ નીકળે છે. જેથી ટેસ્ટથી ડરવાની જરુર નથી. સીએમે ટેસ્ટ ઈઝ બેસ્ટ એમ પણ કહ્યું હતું. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના નવા કેસોની સંખ્યામાં ભારે ઉછાળો આવ્યો છે. સામે પક્ષે વાયરસને ડામવા માટે સરકાર દ્વારા ખૂબ જ મોટાપાયે ટેસ્ટિંગ પણ શરુ કરાયું છે.

### ગુજરાતના જાહેર સાહસોમાં

## રાજકીય નિયુક્તિ કરવા માટે પક્ષનું મુખ્યમંત્રી પર દબાણ

**રાજ્યના ૭૦ પૈકી હાલ ચાલુ હોય તેવા ૪૨ પૈકી ૨૫થી વધુ બોર્ડ-નિગમ એવાં છે કે જેમાં ચેરમેન, વાઇસ ચેરમેન અને ડિરેક્ટરોની નિયુક્તિ સરકાર કરી શકે છે**

ગાંધીનગર

ગુજરાત સરકારના બોર્ડ-નિગમમાં ચેરમેન, વાઈસ ચેરમેન અને ડિરેક્ટરના પદો પર રાજકીય નિયુક્તિ કરવા માટે ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે દબાણ વધાર્યું છે. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીને આ નિયુક્તિ કરવા માટે ભલામણ કરી છે. ભાજપના કાર્યકરો અને આગેવાનોનો ઉત્સાહ જાળવી રાખવલા જે કામ જીતુ વાઘાણી કરી ન શક્યા તે કામ સીઆર પાટીલ કરી રહ્યાં છે.

પાર્ટીના સૂત્રો કહે છે કે ૨૫ જેટલા બોર્ડ-નિગમમાં રાજકીય નિયુક્તિ કરવામાં આવી શકે છે. આ નિયુક્તિમાં માત્ર ચેરમેન કે વાઈસ ચેરમેન જ નહીં પરંતુ ડિરેક્ટરોની પણ નિયુક્તિ થઈ શકે છે. ડિરેક્ટરો માટે સરકારી સાહસોમાં ૧૨૦૦ જેટલી જગ્યાઓ છે.

સીઆર પાટીલે સૌરાષ્ટ્ર તેમજ ઉત્તર ગુજરાતનો પ્રવાસ કરીને આગેવાનો તેમજ કાર્યકરોની રજૂઆતો સાંભળી છે. મોટાભાગના નેતાઓ કહે છે કે સરકારના જાહેર સાહસો કે જેમાં ભૂતકાળની સરકારો રાજકીય નિયુક્તિ કરતી હતી તેવી નિયુક્તિ અત્યારે સરકારમાં થતી નથી તેથી આ કામ પહેલાં કરવાની આવશ્યકતા છે. કેટલીક ફરિયાદો એવી પણ સામે આવી હતી કે સરકારી સાહસોમાં અધિકારીઓનું રાજ હોવાથી પાર્ટીના આગેવાનો કે કાર્યકરોનું કોઈ સાંભળતું નથી.

સૂત્રો જણાવે છે કે સીઆર પાટીલે આ નિયુક્તિ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે પણ ચર્ચા કરી છે. પાટીલને હાઈકમાન્ડની મંજૂરી મળી ચૂકી છે. તેઓ તેમના પ્રવચનમાં સતત કહે છે કે પાર્ટીના કાર્યકરોની તમામ પ્રકારની ફરિયાદોનો ઉકેલ આવશે. તેઓ એવું પણ કહે છે કે ભલામણથી નહીં પરંતુ કાબેલિયતથી ભાજપના નવા સંગઠનમાં કાર્યદક્ષ નેતાઓને

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં ૧૬ નવા કેસ : ૧૯ને ડિસ્ચાર્જ

**સે. ૨૬ માંથી ૩, સે. ૨ માંથી ૨, સે. ૨૯ માંથી ૨, સે. ૫ માંથી ૨, સે. ૨૭ માંથી ૨, સે. ૪ માંથી ૨ ઉપરાંત સે. ૩ અને ૧૨ તેમજ સે. ૨૪ માંથી કેસ મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરમાંથી આજે વધુ ૧૬ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા વધી ૧૦૨૭ થઈ છે.

આજે શહેરમાં સે. ૨૬ માંથી ૩, સે. ૨ માંથી ૨, સે. ૨૯ માંથી ૨, સે. ૫ માંથી ૨, સે. ૨૭ માંથી ૨, સે. ૪ માંથી ૨ ઉપરાંત સે. ૩ અને સે. ૧૨ તેમજ સે. ૨૪ માંથી કેસો મળી આવ્યા છે.

આજે સે. ૨ માંથી બે કેસ મળ્યા છે. અમદાવાદમાં નાયબ કલેક્ટર તરીકે ફરજો બજાવતા અને સે. ૨ માં રહેતા ૫૫ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત કમિશનર ઓફ ફાર્મસીની મેલેરિયા બ્રાન્ચમાં ફરજો બજાવતા ૪૩ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૩ માંથી એક ૨૭ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૬ જે કોરોના માટે સંવેદનશીલ બની ગયુ છે ત્યાંથી આજે વધુ ૩ કેસ એક જ પરિવારના નોંધાયા છે. સરઢવ આયુર્વેદ દવાખાનામાં તબીબ તરીકે સેવાઓ આપતી ૩૭ વર્ષીય તબીબનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૩૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. જયારે ૮ વર્ષના બાળકનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. એક જ પરિવારના ૩

● અનુસંધાન પાન-૭ પર

## ગ્રામ્ય વિસ્તારમાં નવા ૨૪ કેસ

**૧૪ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો : ગાંધીનગરમાં ૧૩, દહેગામ-૧, કલોલ-૭ અને માણસામાં ૩ કેસ મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે વધુ ૨૪ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. ગાંધીનગરમાંથી ૧૩, માણસામાંથી ૩, દહેગામમાંથી એક અને કલોલમાંથી ૭ કેસ મળી આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ ૨૪ કેસમાંથી ૧૪ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્ય છે જ્યારે ૧ દર્દીએ ફેસીલીટી આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગ્રામીણ વિસ્તારમાં આ સાથે હોમ આઈસોલેશન હેઠળના દર્દીઓની સંખ્યા ૧૦૦ના આંકને પાર કરી ગઈ છે.

હોસ્પિટલોમાં જગ્યા ન મળતી હોવાથી હવે લોકોએ ઘરે જ રહેવાનો વિકલ્પ પસંદ કરવાનું શરૂ કર્યુ છે. આથી તંત્રની ચિંતા અને જવાબદારીમાં વધારો થવા પામ્યો છે.

ગાંધીનગર તાલુકામાં નોંધાયેલા ૧૩ કેસમાંથી ૧૧ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તેમાં એક ફાર્માસીસ્ટ કર્મયોગીની હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર તાલુકામાં આજે વાવોલ ગામેથી ૩ કેસ મળ્યા છે. જેમાં ૫૭ વર્ષીય મહિલા, ૨૧ વર્ષીય મહિલા અને ૨૨ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે. અડાલજમાંથી બે વર્ષના ભૂલકાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે જેથી તંત્ર ચોંકી ઉઠ્યુ છે.

રાંદેસણમાંથી ૨૯ વર્ષીય પુરૂષ, રાયસણમાંથી ૭૦ વર્ષીય વૃદ્ધા, પેથાપુરમાંથી ૬૪ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સરગાસણ ગામેથી આજે પણ બે કેસ મળ્યા છે. જેમાં ૩૬ વર્ષીય યુવાન અને ૫૩ વર્ષીય પુરૂષનો સમાવેશ થાય છે. શેરથા ગામે ઘણા દિવસો બાદ કોરોનાએ પુનઃ તેની હાજરી નોંધાવી છે. ૫૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## આજે સ્પેશિયલ ચિલ્ડ્રન હોમ ખાતે વડાપ્રધાનનો જન્મદિવસ ઉજવાશે

ગાંધીનગર તા.૧૪

ભારતના વડાપ્રધાન અને ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઈ મોદીના ૭૦મા જન્મદિન પ્રસંગે શહેર જિલ્લા ભાજપ એકમ દ્વારા સેવા સપ્તાહની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે જે અંતર્ગત આવતીકાલે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ સેક્ટર-૧૯મા સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમ્સ ખાતે ઉપસ્થિત રહી ૭૦ વૃક્ષોનું વૃક્ષારોપણ કરશે. આ સાથે તેઓ દિવ્યાંગ બાળકો તેમજ શેરો પોઝિટિવ બાળકોને વિવિધ ચીજવસ્તુઓનું વિતરણ કરશે.

આ વર્ષે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દર વખતની જેમ તેમના જન્મદિને ગાંધીનગર ખાતે પધારવાના નથી પરંતુ બીજી તરફ ગાંધીનગર શહેર જિલ્લા ભાજપ દ્વારા વડાપ્રધાનના ૭૦મા જન્મદિવસની ઉજવણીને સેવા સપ્તાહ તરીકે ઉજવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ અંતર્ગત ગાંધીનગરના સેક્ટર ગણેશમાં સ્પેશિયલ ચિલ્ડ્રન હોમ ખાતે સવારે દસ કલાકે એક ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ ઉપસ્થિત રહી ૩૯ શેરો પોઝિટિવ બાળકો સહિત ૭૦ દિવ્યાંગ બાળકોને જરૂરી ચીજવસ્તુઓ તથા સાધનોનું વિતરણ કરશે તેમજ સ્પેશિયલ ચિલ્ડ્રન હોમ સંકુલમાં ૭૦ વૃક્ષોનું વૃક્ષારોપણ કરશે. આ પ્રસંગે શહેરના મેયર રીટાબેન પટેલ તથા શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર (ફોરકલર) જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 20"X30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા.૨૦૦૦/-
સીંગલ કલર જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 23"X36", 20"x30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા.૫૦૦/-
ગાંધીનગરમાં ૨૪ કલાક ચાલુ રહેતો એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ
અરજન્ટ પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.
પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com